Saraswat Yaga 01 Oct 2022







SANSKRIT GARABA 02 OCT 2022



Tree Plantation 22 August 2022







15 August 2022



National Service Scheme
Faculty of Social Work
The Maharaja Sayajirao University of Baroda
celebrates

INTERNATIONAL DAY OF PEACE

in collaboration with
Baroda Sanskrit Mahavidyalaya

VISHWA SHANTI YAGNA



| 21 | SEPTEMBER | 2022 |

| TIME-8:00 AM|

| VENUE-BARODA SANSKRIT MAHAVIDYALAYA|


बरोडासंस्कृतमहाविद्यालयः
महाराजासयाजिरावविश्वविद्यालयः, वडोदरा.
दैनिकहवनकार्यक्रमः
समयः प्रातः ०८-३० तः ९-३०


INTERNATIONAL DAY OF PEACE
VISHWA SHANTI YAGNA

22-23 Septembe...

યુનિ.ની યજ્ઞશાળામાં યજ્ઞ કરાવનાર સોશિયલ વર્ક પહેલી ફેકલ્ટી બની

વડોદરા,ગુરૂવાર

એમ.એસ.યુનિવર્સિટીની સંસ્કૃત મહાવિદ્યાલયની તાજેતરમાં મુલાકાત લેનારા વાઈસ ચાન્સેલર પ્રો.શ્રીવાસ્તવે તમામ ફેકલ્ટી ડીન્સને કહ્યુ હતુ કે, મહાવિદ્યાલયની યજ્ઞશાળામાં ફેકલ્ટીઓ અથવા ડિપાર્ટમેન્ટોએ નિયમિત રીતે યજ્ઞનુ આયોજન કરવુ જોઈએ.

આ સૂચનાનો અમલ કરનાર સોશિયલ વર્ક પહેલી ફેકલ્ટી બની હતી.સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રાચાર્ય પ્રો.હિતેશ રાવિયાએ કહ્યુ હતુ કે, સોશિયલ વર્ક ફેકલ્ટીના યજમાનપદે યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ અને તેમાં વાઈસ ચાન્સેલર પણ આહુતિ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.આજે એમ પણ વિશ્વ શાંતિ દિવસ છે ત્યારે વિશ્વ શાંતિના હેતુથી આ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. દરમિયાન વાઈસ ચાન્સેલરે ફરી તમામ ફેકલ્ટીઓ અને ડિપાર્ટમેન્ટોને યજ્ઞશાળામાં યજ્ઞનુ આયોજન કરાવવા માટે અપીલ કરી હતી.

ઇન્ટરનેશનલ પીસ ડેની ઉજવણી | હિન્દુ સ્ટડીઝ વિભાગ, હિન્દી વિભાગ, મંદિર પ્રબંધન તથા સમગ્ર બરોડા સંસ્કૃત મહાવિદ્યાલયનો પરિવાર હાજર રહ્યો

MSUમાં વિશ્વ શાંતિ દિવસની ઉજવણી : શાંતિ યજ્ઞ યોજાયો

વા.ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે યજ્ઞમાં આહુતિ આપી 'સર્વ જન હિતાય સર્વ જન સુખાય' અને વિશ્વમાં ચાલતી અનિશ્ચિતતાઓનો અંત આવે તેવી પ્રાર્થના કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.21,

સમગ્ર વિશ્વ 21મી સપ્ટેમ્બર નો દિવસ ઇન્ટરનેશનલ પીસ ડે તરીકે ઉજવે છે ત્યારે વડોદરા ખાતે એમ.એસ.યુનિવર્સીટીની સંસ્કૃત મહાવિદ્યાલય અને ફેકલ્ટી ઓફ સોશિયલ વર્કની એન.એન.એસ દ્વારા "સર્વ જન હિતાય સર્વ જન સુખાય"ના હેતુથી વિશ્વ શાંતિ યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિર્વસીટીના વાઇસ ચાન્સેલર પ્રોફેસર વિજય શ્રીવાસ્તવ દ્વારા યજ્ઞમાં આહુતિ આપી 'સર્વ જન હિતાય સર્વ જન સુખાય' અને વિશ્વમાં ચાલતી અનિશ્ચિતતાઓનો અંત આવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિ આધારિત વસુદેવ કુટુંબકમની ભાવના સમગ્ર વિશ્વ માં પ્રસરે તે હેતુથી વિશ્વ શાંતિ દિવસની ઉજવણી એમ.એસ. યુનિવર્સીટીની સંસ્કૃત મહા વિદ્યાલય ખાતે યુનિ.ના વીસીની ઉપસ્થિતિમાં શાંતિયજ્ઞ યોજવામાં આવ્યો હતો. સોશિયલ વર્ક ફેકલ્ટીના ડીન પ્રો. ભાવના મહેતા, સંસ્કૃત મહાવિધ્યાલયના પ્રિન્સિપાલ હિતેશ રાવિયા અને સોસિયલ વર્ક ફેકલ્ટી અને સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ પણ મોટી સંખ્યામાં ભાગ લઈ યજ્ઞમાં આહુતિ આપી વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સનાતન સંસ્કૃતિના મુલાધાર રૂપ યજ્ઞ પરંપરાના પ્રચાર-પ્રસાર માટે તથા બરોડા સંસ્કૃત મહાવિદ્યાલયના યાજ્ઞિકીના છાત્રોના પ્રાયોગિક કાર્યને સુદઢ કરવાનાં હેતુથી વાઇસ ચાન્સેલર પ્રોફેસર વિજય શ્રીવાસ્તવના સુચન બાદ સંસ્કૃત મહા વિદ્યાલયમાં શિક્ષક દિવસથી વેદ શાળામાં નિયમિત યજ્ઞ કરવાનુ શરૂ કર્યું હતુ.

યુનિ.ના વીસી પ્રો.વિજયકુમાર શ્રીવાસ્તે ઉપસ્થિત રહીને યજ્ઞ આહુતિ પ્રદાન કરી અને તેમણે જણાવ્યું કે ભારતીય હિંદુ સભ્યતા પ્રમાણે માનવજીવન ષોડશ સંસ્કાર આધારિત છે તથા આ સંસ્કાર યજ્ઞ કેન્દ્રિત છે. યજ્ઞએ સમર્પણ અને ત્યાગનું પ્રતિક છે. ભારતીય સંસ્કૃતિનાં સમગ્ર આધ્યાતમિક તથા વૈજ્ઞાનિક રહસ્યો યજ્ઞ પરંપરામાં સમાયેલા છે. હિંદુ સંસ્કૃતિની પરંપરાના કેન્દ્રબીજ સ્વરૂપ યજ્ઞકાર્ય દ્વારા આધ્યાત્મિક ચેતનાને જાગૃત કરવા માટે યજ્ઞકાર્યની પ્રધાનાતા પર ભાર મુક્યો હતો. આ પ્રસંગે હિન્દુ સ્ટડીઝ વિભાગ, હિન્દી વિભાગ, મંદિર પ્રબંધન તથા સમગ્ર બરોડા સંસ્કૃત મહાવિદ્યાલયનો પરિવાર ઉપસ્થિત રહયો હતો.

---

21 સપ્ટેમ્બર ઈન્ટરનેશનલ પીસ ડે નિમિત્તે આયોજન કરાયું

સંસ્કૃત મહાવિદ્યાલયમાં વિશ્વ શાંતિ માટે યજ્ઞ, વીસીએ આહુતિ આપી


સિટી રિપોર્ટર | વડોદરા



21 સપ્ટેમ્બરે સમગ્ર વિશ્વમાં પીસ ડે તરીકે ઊજવવામાં આવે છે. જે નિમિત્તે મ.સ. યુનિવર્સિટીના સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે "સર્વ જન હિતાય સર્વ જન સુખાય"ના હેતુથી વિશ્વ શાંતિ યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. વિજય શ્રીવાસ્તવ દ્વારા આહુતિ આપી "સર્વ જન હિતાય સર્વ જન સુખાય" અને વિશ્વમાં ચાલતી અનિશ્ચિતતાનો અંત આવે અને ભારતની વસુધૈવ કુટુંબકમની ભાવના સમગ્ર વિશ્વમાં પ્રસરે તે માટે પ્રાર્થના કરાઈ હતી. તેમની સાથે સોશિયલ વર્કનાં ડીન પ્રો. ભાવના મહેતા, સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ હિતેશ રાવિયા અને સોશિયલ વર્ક ફેકલ્ટી અને સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ યજ્ઞમાં આહુતિ આપી વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

વીસી પ્રો.વિજય શ્રીવાસ્તવના સૂચન બાદ સંસ્કૃત મહા વિદ્યાલયમાં શિક્ષક દિવસથી વેદ શાળામાં નિયમિત યજ્ઞ કરવામાં આવે છે.

06 January 2023 Educational Trip Temple Management





13 August 2022 AZADI KA AMRIT MAHOTSAV



YUVAMOHOTSAV 2022



VASANTOTSAV SAMAROH 2022

